રજિસ્ટર્ડ પોસ્ટ
GSEB/H/16/409

ક્રમાંક:મઉમશબ/શાનિશા/ન.મા.શા./જુન. ૧૬/ ૫૮૬૩૪/૨૯૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૨૪/૬/૨૦૧૬

પ્રતિ,
SHRI SATYAKEVLAM EDUCATION AND CHARITABLE TRUST
C/o, SBR SCIENCE SCHOOL,
AT & PO - DHAMDOD LUMBHA, T-BARDOLI,
Di-SURAT

**વિષય :-** જુન-૨૦૧૬ થી કાયમી ધોરણે ગ્રાન્ટ વગરની નવી ઉ.મા. શાળાની નોંધણી કરાવી લેવા બાબત. (ધોરણ- ૧૧ નો પ્રથમ એક વર્ગ).

**સંદર્ભ:-** ૧) સરકારશ્રીના શિ.વિ.નો તા.૧૭/૭/૯૩ ના પરિપત્ર ક્રમાંક: ૧૦૯૩/૧૩૨૨૨/છ.
૨) સરકારશ્રીના શિ.વિ.નો તા.૨૧/૭/૯૩ ના પત્ર ક્રમાંક: બમશ/૧૨૯૩/૧૩૨૨/છ.
૩) સરકારશ્રીના શિ.વિ.નો તા.૩૧/૭/૯૩ ના પત્રાંક ક્રમાંક: ૧૦૯૩/૧૩૨૨૨/છ.
૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૪/૧૮૨/છ, સચિવાલય, ગાંધીનગર, તા.૫/૬/૨૦૧૪.
૫) બોર્ડની તા.૦૧/૦૫/૨૦૧૬ થી તા.૫/૫/૨૦૧૬ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક : ૩૨૦/૨૦૧૬ અન્વયે

**શાળાનું નામ:-** **SBR SCIENCE SCHOOL**
**AT & PO - DHAMDOD LUMBHA, T-BARDOLI, D-SURAT**
**English** માધ્યમ, **Science** પ્રવાહ

શ્રીમાન,

જુન-૨૦૧૬ થી કાયમી ધોરણે ગ્રાન્ટ વગરની નવી માધ્યમિક / ઉ.મા. શાળાની નોંધણી કરવા આપના શાળા મંડળની ઓન-લાઇન અરજી, સોગંદનામું અને રજુ કરેલ આધારોને ધ્યાને લઇ આપના શાળામંડળ સંચાલિત ઉકત શાળાની કામચલાઉ નોંધણી કરવા માટે સંદર્ભ - ૫ થી કારોબારી સમિતિએ નિર્ણય કરેલ છે. આપની દરખાસ્તમાં દર્શાવેલ વિગતો અને તેની સાથે જોડેલ તમામ આધારો 'સાચા છે' તેમ માનીને કારોબારી સમિતિએ આ નિર્ણય લીધેલ છે. આપની અરજીમાં જણાવેલ કોઇપણ વિગત અથવા તેની સાથે જોડેલ કોઇપણ આધાર બનાવટી અથવા બોર્ડને ગેરમાર્ગે દોરનારા સાબિત થશે તો કોઇપણ સમયે શાળાની નોંધણી રદ થવાને પાત્ર રહેશે અને તે માટે દરખાસ્ત કરનાર શાળામંડળ અને તેના હોદ્દેદારો જવાબદાર રહેશે અને તેની સામે પોલીસ કેસ સહિતની કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક-૯ ની જોગવાઇઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટમાં ઉપસ્થિત થયેલી રીટ પીટીશન(સીવીલ) નંબર ૪૮૩/૦૪માં તા.૧૩/૪/૦૯ના રોજ આપવામાં આવેલ નિર્દેશ અનુસારની શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે શાળાને કામચલાઉ નોંધણી આપવામાં આવે છે.

ઉકત સંદર્ભિત જોગવાઇને અનુલક્ષીને આપના મંડળની સૂચિત માધ્યમિક શાળા (**English** માધ્યમ **Science** પ્રવાહ) ની નોંધણી કરવા માટે શાળા મંડળની ઓનલાઈન અરજી, સોગંદનામું અને તેની સાથે રજુ કરેલ જરૂરી તમામ આધારો અને નીચે દર્શાવેલા જરૂરી આધારો ક્રમ-૧થી૯ આપના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે પ્રમાણિત કરાવી આ કચેરીને <u>દિન-30</u> માં રૂબરૂ અથવા ટપાલથી પહોંચાડવાના રહેશે.

આપેલ નિયત સમય મર્યાદામાં મંડળ દ્વારા આધારો રજૂ કરવામાં નહી આવે તો શાળા મંડળની (સૂચિત) માધ્યમિક/ ઉ.મા શાળાની નોંધણી કરવા અંગેની અરજી આપો આપ રદ થયેલી ગણવામાં આવશે અને સૂચિત નવી માધ્યમિક / ઉ.મા. શાળા શરૂ કરી શકશો નહી. જેની ખાસ નોંધ લેશો.

૧. નોટરી પાસે નોંધાયેલ ડીડ ઓફ ડેકલેરેશન યાને એકરારનામુ અને તેની સાથેના તમામ જોડાણો.
૨. શાળામંડળ અને જિ.શિ.અ.શ્રીના સંયુકત ખાતામાં રૂપિયા એક લાખ/બે લાખ જમા કરાવ્યાના આધારો.
3. શાળા રજિસ્ટ્રેશનનું બોર્ડનું નિયત ફોર્મ ભરી જિ.શિ.અ.શ્રી પાસે મંજુર કરાવી બોર્ડને રજુ કરવાનું રહેશે.
૪. નામ.સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલી સીવીલ પીટીશન નં. ૪૮૩/૦૪માં તા.૧૩/૪/૦૯ ના રોજ આપેલ નિર્દેશમુજબ સૂચિત શાળાનું મકાન સલામત અને સુરક્ષિત છે અને સુરક્ષાના પ્રત્યેક પાસાઓને ધ્યાનમાં લઇ આવુ મકાન નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ

Scanned with OKEN Scanner

ઈન્ડીયાના સલામતી અંગેના ધોરણો અનુસાર બંધાયેલ છે, તેની ચકાસણી સંબંધિત જિલ્લાના અધિકાર ધરાવતા નાયબ નગર નિયોજક અથવા તે જિલ્લાના નજીકના મ્યુનિસીપાલીટી/શહેરી વિકાસ સત્તા મંડળ પાસે નોંધાયેલા સ્ટ્રક્ચરલ એન્જીનિયર દ્વારા ચકાસણી કરેલ છે. તે મતલબનું આ સાથેના નમૂના મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૫. નામદાર સુપ્રિમ કોર્ટમાં થયેલ રીટ પીટીશન (સીવીલ) નં. ૪૮૩/૨૦૦૪માં તા.૧૩/૪/૦૯ ના રોજ આપવામાં આવેલાં જજમેન્ટ મુજબ ફાયર સેફ્ટી અંગેનાં નિર્દેશોનાં પાલન સંબંધે આ સાથેનાં નિયત નમૂના મુજબનું ડેકલેરેશન શાળામંડળે રજૂ કરવાનું રહેશે.

૬. શાળા શરૂ થયા બાદ બે માસમાં નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂંક શાળામંડળે કરવાની રહેશે.

૭. બાયસેગના કાર્યક્રમો પ્રસારીત કરવા તે માટેના ડીશ એન્ટેના તેમજ ૩૯" (ઓગણ ચાલીસ ઈંચ)નું અથવા તેથી મોટુ ટી.વી. શાળાએ વસાવવાનું રહેશે.

૮. CCTV કેમેરાની રેકોર્ડીંગ સાથેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈશે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તે બદલની ખાતરી આપવાની રહેશે.

૯. રૂ.૨૫,૦૦૦/- ની ચલણની કોપી સામેલ છે.

૧૦. શાળા મંડળે ધો-૧૧ સામાન્ય પ્રવાહમાં વર્ગદીઠ મહત્તમ ૬૦/ ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં વર્ગદીઠ મહત્તમ ૬૬ વિધાર્થી સંખ્યા પ્રવેશ આપવાનો રહેશે. તેથી વધુ વિધાર્થી પ્રવેશ અમાન્ય ગણવામાં આવશે. માન્ય વિધાર્થી સંખ્યા કરતા વધુ વિધાર્થીઓને પ્રવેશ આપેલ હશે તો ધો-૧૧માં વધુ પ્રવેશ આપેલ વિધાર્થીઓના ફોર્મ ઓનલાઇન અટકી જશે, જેની જવાબદારી સંચાલક મંડળની રહેશે.

ઉપરોક્ત પૂર્તતા નિયત સમય મર્યાદામાં બોર્ડની કચેરીએ રજુ કર્યા બાદ શાળાની કામચલાઉ નોંધણી કરવામાં આવશે. શાળાને નોંધણી પત્ર મળ્યા બાદ જ આપની સૂચિત નવી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરી શકશો.

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - ૧૯૭૨ અને સુધાર અધિનિયમ-૨૦૦૨-૩૧(૧) અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - ૧૯૭૪ ની જોગવાઈઓ મુજબ નોંધણી વગરની માધ્યમિક / ઉ.મા. શાળામાં વિધાર્થીઓને શિક્ષણ આપી શકાશે નહીં અને તેની સામે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.**

**નોંધ :** ૧. નવી માધ્યમિક / ઉ.મા. શાળાની ઓન-લાઇન અરજી સાથે ૧૦,૦૦૦/- નું ચલણ બોર્ડને મળેલ છે. બાકીના રૂ.૨૫,૦૦૦/- નું ચલણ આ પત્ર મળ્યાના દિન-૭ (સાત) માં બોર્ડની કચેરીને મળે તે રીતે મોકલી આપવો.

૨. આ પત્રની એક નકલ શાળામંડળે શાળાનાં બિલ્ડીંગનાં નોટિસ બોર્ડ પર શાળા ખાતે આવતા વિધાર્થીઓ તેમજ વાલીઓનાં ધ્યાન પર સહેલાઇથી દેખાય તે રીતે કાયમી પ્રદર્શિત કરવાની રહેશે.

૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ઓનલાઈન રેકમેન્ડ મોકલી આપવું.

**બિડાણ :-** ૧. ડીડ ઓફ ડેકલેરેશન યાને એકરારનામું અને તેની સાથે તમામ જોડાણો માટેના પત્રકો અને શાળા રજીસ્ટ્રેશનનું ફોર્મ.

૨. સ્ટ્રકચરલ એન્જીનીયરનું પ્રમાણપત્ર તથા ફાયર સેફ્ટી સંબંધેનાં ડેકલેરેશનનો નમૂનો.

(આર.આઈ.પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**નકલ રવાના :-**

૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, **SURAT** તરફ જાણ તથા ઉકત સમય મર્યાદામાં શાળા મંડળ ઉપર દર્શાવેલ આધારોની પૂર્તતા આપની કચેરીમાં રજૂ કરે તો નિયત જગ્યાએ આપની સહી / સિક્કો કરી શાળા મંડળને રૂબરૂમાં આપવા જેથી શાળા મંડળ આ કચેરીને રૂબરૂ પૂર્તતા કરી શકે. તેમજ નોંધણી સિવાય નવી અમાન્ય શાળા શરૂ કરે નહી તે જોવાની જવાબદારી આપની રહેશે.

Scanned with OKEN Scanner

**કાયમી મંજુરી**

**જૂન-૨૦૧૬ ગ્રાન્ટ વિના**

ક્રમાંક:મઉમશબ/શાનિ/જૂન– ૧૭/ 10,077/80
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર–૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 18-8-2017

પ્રતિ,
પ્રમુખ / મંત્રી,
SHRI SATYAKEVLAM EDUCATION AND CHARITABLE TRUST
c/o SBR SCIENCE SCHOOL
AT & PO - DHAMDOD LUMBHA, T-BARDOLI,
D-SURAT - ૩૯૪૩૫૫

એપ્લિકેશન નં. **GSEB/H/16/409**

વિષય :– જૂન–**૨૦૧૬** થી કાયમી ધોરણે ગ્રાન્ટ નહી લેવાની શરતવાળી નવી ઉચ્ચતર માધ્યમિક (ધો-૧૧) શાળા ની કાયમી નોંધણી બાબત.

માધ્યમ :- **English** પ્રવાહ **Science**

શાળાનું નામ :– **SBR SCIENCE SCHOOL, AT & PO - DHAMDOD LUMBHA, T-BARDOLI, D-SURAT**

સંદર્ભ :– ૧) શિક્ષણ વિભાગના તા.૦૧/૦૭/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૧૧-૧૧૭૩-ગ, સચિવાલય, ગાંધીનગર.
૨) શિક્ષણ વિભાગના તા.૫/૬/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૪/૧૮૨/છ, સચિવાલય, ગાંધીનગર.
૩) બોર્ડની તા.૦૧/૦૫/૨૦૧૬ થી તા.૦૫/૦૫/૨૦૧૬ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક :૩૨૦/૨૦૧૬
૪) બોર્ડના તા.૧૪/૦૬/૨૦૧૬ પત્ર ક્રમાંક : મઉમશબ/શાનિ/નમાશા/જુ.૧૬/૫૮૧૩૪-૨૯૩
૫) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત ના તા.૩૦/૦૬/૨૦૧૬ના પત્ર ક્રમાંક : મા-૮/નોંધણી/૨૦૧૬-૧૭/૧૧૫૮૨
૬) આપના તા.૨૩/૧૨/૨૦૧૬ના ડીડ ઓફ ડેક્લેરેશનના આધાર અન્વયે.
૭) જિ.શિ.અ.શ્રી, સુરત ની ઓનલાઇન ભલામણ અન્વયે.

શ્રીમાન,

જૂન–**૨૦૧૬** થી નવી શાળાની નોંધણી સંબંધમાં બોર્ડની કારોબારી સમિતિની **તા.૦૧/૦૫/૨૦૧૬ થી તા.૦૫/૦૫/૨૦૧૬** ના રોજ મળેલી બેઠકના નિર્ણય અનુસાર આપને જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ – ૧૯૭૨ (સને–૧૯૭૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક :૧૮ અને સન–૨૦૦૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક–૧૪) તથા તે અન્વયે ઘડાયેલ માધ્યમિક શિક્ષણ વિનિયમો–૧૯૭૪ તથા તે સંબંધે થયેલ સરકારી ઠરાવો/બોર્ડના પરિપત્રોની જોગવાઈઓ અને ધારા ધોરણો અનુસાર આપની ઉપર જણાવેલ નવી માધ્યમિક (ધો-૧૧) શાળા **SBR SCIENCE SCHOOL, AT & PO - DHAMDOD LUMBHA, T-BARDOLI, D-SURAT**ને જુન – **૨૦૧૬** થી કાયમી ધોરણે ગ્રાન્ટ નહી લેવાની શરતવાળી નવી શાળા તરીકે નોંધણી કરવામાં આવે છે. અને આપની શાળામાં **ધોરણ-૧૧ નો પ્રથમ એક વર્ગ** ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવે છે. આપની શાળામાં શિક્ષણનું માધ્યમ :- **English** પ્રવાહ **Science** રહેશે. આપે નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે. જ્યારે કોઈપણ શરત ભંગ થવાનું માલુમ પડશે ત્યારે બોર્ડ દ્વારા વિનિયમ–૯(ક)ની જોગવાઈ અન્વયે કાર્યવાહી કરી આપની શાળાની નોંધણી રદ કરી શકશે.

**શરતો**

(૧) શાળાનું સંચાલક મંડળ સક્ષમ અને વિશ્વસનીય છે. તથા તેનો વહીવટ યોગ્ય પદ્ધતિથી રચાયેલ વ્યવસ્થાપક મંડળસંભાળે છે તથા તે આર્થિક રીતે સદ્ધર છે.તેવી બોર્ડને ખાતરી થવી જોઈએ.

(૨) બોર્ડના અધિકારીઓ કે બોર્ડ અધિકૃત કરેલ વ્યક્તિ તથા શિક્ષણ ખાતાના નિરીક્ષક/અધિકારીઓને શાળાનું નિરીક્ષણ કરવાની છૂટ રહેશે.

(૩) શાળા પાસે વિનિયમ તથા બોર્ડ આ અંગે કરેલા પરિપત્રોમાં નિર્દિષ્ટ કરેલા ધોરણો મુજબ જરૂરી સુવિધાવાળા મકાન, ફર્નિચર,લેબોરેટરી, સાધનો, સ્ટેશનરી અને અન્ય સામગ્રી વસાવેલા હોવા જોઈશે તથા વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલી લાયકાતો મુજબના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની નિયમાનુસાર નિમણૂંક કરેલી હોવી જોઈશે. વધુમાં વિદ્યાર્થીઓ માટે પુરતી આરોગ્ય વિષયક સગવડો શાળાએ ઉભી કરવી જોઈએ.

(અ) જો ઉત્તરબુનિયાદી શાળા હોય તો માળખામાં સૂચવેલ ઉદ્યોગનું શિક્ષણ આપનું રહેશે. તેમજ ઉદ્યોગને અનુરૂપ જમીન, પાણી, વર્કશોપ, ઉદ્યોગખંડની વગેરેની નિયમ પ્રમાણે જોગવાઈ કરવાની રહેશે.

(બ) ઉત્તરબુનિયાદી શાળાએ છાત્રાલયની વ્યવસ્થા કરવાની રહેશે.

(૪) શાળામાં અપાતુ શિક્ષણ બધી રીતે સંતોષકારક છે તેવી બોર્ડને ખાતરી થવી જોઈશે.

(૫) શાળાએ સરકાર માન્ય કરેલ અભ્યાસક્રમ તથા વખતો વખત મંજૂર કરેલ પાઠ્યપુસ્તકનો જ ઉપયોગ કરવાનો રહેશે.

(૬) બોર્ડે નિયત કરેલી શરતો મુજબ જ જુદા જુદા ધોરણમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે.

(૭) શાળાના એક ધોરણમાંથી ઉપલા ધોરણમાં વિદ્યાર્થીઓને ચઢાવવા માટે વિદ્યાર્થીઓની કસોટી માટેના બોર્ડે નકકી કરેલાં ધોરણો પ્રમાણે બઢતી આપવાની રહેશે.

(૮) શિક્ષણની ફીના દર તથા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓનાં પગાર ધોરણો સરકાર માન્ય હોવા જોઈશે.

(૯) બોર્ડે નિયત કરેલા રજિસ્ટરો અને રેકોર્ડ શાળાએ સમયમર્યાદામાં જરૂરી વિગતો સાથે તૈયાર કરી નિભાવવાના રહેશે.

(૧૦) શાળાના આચાર્ય કે સંચાલકો તરફથી આપવામાં આવતા રેકર્ડ, આંકડાકીય પત્રકો અને પ્રમાણપત્રો વિશ્વસનીય હોવા જોઈશે.

Scanned with OKEN Scanner

(૧૧) શાળામાં વિનિયમ–૨૦ મુજબની લાયકાત ધરાવતા શિક્ષકોની રેશિયા મુજબ પત્ર મળ્યેથી એક માસમાં નિમણૂંક પૂર્ણ કરવાની રહેશે. આવા કર્મચારીઓને બોર્ડની જાહેર પરીક્ષાઓમાં જ્યારે પણ જે કોઈ કામગીરી માટે બોલાવવામાં આવે ત્યારે તેઓએ અચૂક ફરજ પર હાજર થવાનું રહેશે.

(૧૨) બોર્ડ વખતોવખત નિયત કરેલા શિસ્ત વિષયક નિયમોનું શાળાના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ સંતોષકારક રીતે પાલન કરે છે. તેવી બોર્ડને ખાતરી થવી જોઈશે.

(૧૩) શાળાના મકાનમાં કોઈ અમાન્ય શાળા કે વર્ગ, ટ્યુશન ક્લાસ ચાલતા નથી તેવી સંચાલક મંડળે ખાતરી આપવી જોઈશે.

(૧૪) બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓ પૈકી કોઈ એક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા એના એજ ઉમેદવારને પુનઃ (બીજી વખત) એજ પરીક્ષા માટે તૈયાર કરશે નહી અને મોકલશે નહી.

(૧૫) શાળા માત્ર ધર્મ, કોમ, જાતિ, ભાષા અથવા આ પ્રકારના કોઈપણ કારણસર કોઈપણ વિદ્યાર્થીને પ્રવેશ આપવાની ના પાડી શકશે નહિ.

(૧૬) બોર્ડ અથવા બોર્ડે અધિકૃત કરેલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય શાળામાં નવું ધોરણ કે વધારાના વર્ગ શરૂ કરી શકશે નહી તેમજ ઘટાડો કરી શકશે નહી.

(૧૭) સ્ટાફની ભરતી અંગેની વધુ માહિતી માટે આપના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનું માર્ગદર્શન મેળવવાનું રહેશે.અને તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૧૮) શાળાને અનુરૂપ યોગ્ય મકાન તથા અન્ય ભૌતિક સુવિધાઓની આ હુકમથી એક માસની અંદર વ્યવસ્થા કરી તે અંગેની બોર્ડને તથા આપના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને જાણ કરવાની રહેશે.

(૧૯) શાળાના કર્મચારીઓને દર માસે નિયમિત રીતે શાળાના ખાતામાંથી નાણાં ઉપાડીને સરકારી ધારા ધોરણ પ્રમાણે પગારની ચૂકવણી કર્મચારીના ખાતામાં બેંક મારફતે કરવાની રહેશે.

(૨૦) શાળાનું તમામ રેકર્ડ શાળાની કચેરીમાં આચાર્ય પાસે ઉપલબ્ધ હોવું જોઈશે.

(૨૧) ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટી / સંસ્થામાંથી પ્રમાણપત્રો / આધારો મેળવેલ હોય તો આ પ્રકારના પ્રમાણપત્રો / આધારોની ખરાઈ શાળા મંડળે જે તે યુનિવર્સિટી/ સંસ્થામાં રૂબરૂ જઈ કરાવી લેવાની રહેશે અને આ માટે શાળા મંડળ જવાબદાર ગણાશે.

(૨૨) નામદાર સુપ્રિમકોર્ટે સીવીલ પીટીશન નં.૪૩૮/૦૪માં તા.૧૩/૪/૦૯ના રોજ આપેલ ચૂકાદામાં શાળાની સલામતી માટે શાળા મકાન, ફાયર સેફટી, વગેરે સંબંધમાં આપેલ ગાઈડલાઈન મુજબ વિદ્યાર્થીઓની સલામતી માટે જરૂરી એવી શાળામકાનની સલામતી, ફાયર સેફટી, વગેરે માટે પર્યાપ્ત પગલાંઓ લેવાના રહેશે અને આ અંગે સંબંધિત સક્ષમ સત્તામંડળ / અધિકારીશ્રી પાસેથી નિયમાનુસાર મંજુરીઓ મેળવી, તકેદારીનાં પૂરતાં પગલાંઓ લઈ, સમયાંતરે લેવાની થતી મંજૂરીઓ, ઈન્સ્પેકશન, વગેરે નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરી, પ્રમાણપત્રો/ મંજૂરીઓ મેળવી લેવાના રહેશે. આ બાબતે ચૂક થવાથી શાળામંડળ/ શાળા સામે કાયદાકીય રાહે પગલાં લેવામાં આવશે.

(૨૩) સરકારશ્રીના તા.૩–૭–૯૩ના હુકમ ક્રમાંક :બમશ/૧૦૯૩/૧૩૨૨/છ, માં જણાવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨૪) અનુદાન વગરની બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વ્યવસ્થાપન નીતિ નકકી કરવાના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૧૧–૧૧૭૩–ગ તા.૧/૭/૨૦૧૧ના ઠરાવમાં જણાવેલ શરતોનું ચુસ્તરીતે પાલન કરવાનું રહેશે.

(૨૫) CCTV કેમેરાની રેકોર્ડીંગ સાથેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈશે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તે બદલની ખાતરી આપવાની રહેશે.

**(૨૬) શાળા મંડળે વિનિયમ–૯ (૧૩) (૩) મુજબ વર્ગમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.**

**(૨૭) શાળા મંડળે વિદ્યાર્થીઓને ચોક્કસ પ્રકારના પુસ્તકો, સાહિત્ય, ગણવેશ કે બુટ, પોતાની સંસ્થા પાસેથી કોઈ ચોક્કસ સંસ્થા કે એજન્સી પાસેથી કે ચોક્કસ માર્કા કે કંપનીના ખરીદવા માટે વિદ્યાર્થીઓને/વાલીઓને આગ્રહ રાખી શકશે નહી કે ફરજ પાડી શકશે નહી.**

**(૨૮) ગુજરાત સ્વનિર્ભર શાળા ફી નિયંત્રણ અધિનિયમ–૨૦૧૭ ના પ્રબંધો અને તે હેઠળ બનેલા નિયમો આ શાળાને લાગુ પડશે અને તેનું પાલન કરવાનું બાંહેધરી પત્રક રજુ કરવાનું રહેશે.**

આપના શાળા મંડળને સદર શાળા શરૂ કરવા આ કચેરીના સંદર્ભ–૪ ના પત્રથી મંજૂરી આપવામાં આવેલ છે. તે અન્વયે આપના ટ્રસ્ટ સંચાલિત સદર માધ્યમિક શાળા જુન–૨૦૧૬ થી શરૂ કરવામાં આવેલ છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને સદર શાળાની નોંધણી કરવામાં આવે છે. આ નોંધણીપત્ર મળ્યા પહેલાં કે પછી સદર શાળા બંધ કરવામાં આવી હોય કે બંધ થશે તો આ નોંધણીપત્ર આપોઆપ રદ થઈ જશે અને બીજા વર્ષે શાળા માટે નવી દરખાસ્ત કરવાની રહેશે.

(આર.આઈ.પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારુ :**

(૧) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ,
સરદાર પટેલ ભવન, સચિવાલય સંકુલ, બ્લોક નં.૫, ૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર

(૨) નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯ /૧, જુના સચિવાલય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**નકલ રવાના :**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી SURAT ને જાણ થતા અમલ સારુ.

(૨) સંશોધન શાખા તરફ જાણ સારુ.

(૩) કચેરીની નોંધણી શાખા તરફ અધિનિયમની કલમ ૩૧(૮) અને વિનિયમ ૯(૧૧)ની જોગવાઈ અનુસાર જરૂરી પ્રમાણપત્ર મોકલવા સારું.

Scanned with OKEN Scanner

ગ્રાન્ટ વિના

H.S.C INDEX NO:- 18.727

ક્રમાંક:મઉમશબ/શાનિ/NCA/જુન-૧૮/1471/ ૪૦૮૨/૮૪

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા.૧૯/૧૧/૧૮

પ્રતિ,

પ્રમુખ,

SHRI SATYAKEVLAM EDUCATION AND CHARITABLE TRUST

21-SWARVILLA, SRUSHTI BUNGLOWS,

SHASHTRI ROAD, BARDOLI (DIST-SURAT)

SURAT-394355

નવી શાળાનો અરજી નં:-GSEB/H/16/409

વિષય:- જુન-૨૦૧૮ થી ધો-12 માં ક્રમિક વર્ગ ની મંજુરી આપવા બાબત.

પ્રવાહ:-Science માધ્યમ:-English

શાળાનું નામ:- SBR SCIENCE SCHOOL

AT PO - DHAMDOD LUMBHA, T-BARDOLI, D-SURAT,SURAT

સંદર્ભ:- ૧. આપની તા.;-7/19/2018 7:04:57 PMની ઓનલાઈન અરજી ક્રમાંક :-GSEB/NC/H/07/18/1456

૨.બોર્ડનો તા.૨૩/૧૧/૨૦૧૦ નો પત્ર ક્રમાંક: મઉમશબ/ગ/ટે.૧/૧૦૨૯૭/૩૨૩.

3. વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૪/૧૮૨/છ, સચિવાલય, ગાંધીનગર, તા.૫/૬/૨૦૧૪.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભ દર્શિત પત્ર-૧ની અરજી આપના ટ્રસ્ટ સંચાલિત SBR SCIENCE SCHOOL, AT PO - DHAMDOD LUMBHA, T-BARDOLI, D-SURAT, SURAT શાળામાં જુન-૨૦૧૮ થી ધો-12, પ્રવાહ-Science, માધ્યમEnglish નો ક્રમિક વર્ગ તરીકે એક વર્ગ આથી મંજુર કરવામાં આવે છે.

આપના દ્વારા કરવામાં આવેલ સંદર્ભ-૧ અરજીમાં દર્શાવેલ વિગતો અને માહિતીના આધારે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૧૦(૧)ને ધ્યાનમાં રાખી ધો-12 નો પ્રવાહ Scienceમાં ક્રમિક ૧ વર્ગ મંજુર કરવામાં આવે છે. હવે વર્ગની સ્થિતિ નીચે મુજબ રહેશે.

| ધોરણ | માધ્યમ | પ્રવાહ | હાલના વર્ગો | મંજુર વર્ગો | કુલ વર્ગો |
|---|---|---|---|---|---|
| 12 | English | Science | 0 | ૧ | ૧ |

ઓનલાઈન અરજીમાં દર્શાવેલ વિગતો નોંધણીપત્રની વિગતો અને એફિડેવીટમાં દર્શાવેલ વિગતોની માહિતી સાચી છે. તેમ માની ક્રમિક વર્ગ મંજુર કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ વિગતો અથવા આધારો ખોટા છે તેમ સાબીત થશે તો તે અંગેની તમામ જવાબદારી શાળામંડળની રહેશે અને તેના માટે શાળાની રદ સહિતનાં પગલાં લેવામાં આવશે જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

આ સાથે નીચેની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

શરતો:-

૧. શાળાના મકાનમાં નિયમ પ્રમાણે ક્ષેત્રફળવાળા તથા પૂરતા હવા ઉજાસવાળા વર્ગખંડની તેમજ આરોગ્ય વિષયક સગવડોની પૂરતી જોગવાઈ હોવી જોઈએ.

૨. આ વર્ગ વધારાને લીધે વિષયોની જરૂરિયાત પ્રમાણેના નિયમાનુસાર વિનિયમ-૨૦ માં સુચવેલ લાયકાતવાળા શિક્ષકોની નિમણૂંક સત્વરે કરવાની રહેશે. પત્ર મળ્યેથી દિન-૬૦ માં કરી દેવાની રહેશે.

3. વર્ગ વધારા/ક્રમિક વર્ગ અન્વયે પ્રયોગશાળા ખંડ, વિજ્ઞાનના સાધનો અન્ય શૈક્ષણિક સાધનો તથા ફર્નિચર પૂરતા પ્રમાણમાં વસાવવાના રહેશે.

૪. શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે નિયત અભ્યાસક્રમ પ્રમાણે પૂરક વાચનના જરૂરી અને ઉપયોગી પુસ્તકોની ખરીદી કરી શાળાનું ગ્રંથાલય સમૃદ્ધ બનાવવાનું રહેશે.

૫. સ્થાનિક અથવા આજુબાજુની માધ્યમિક શાળાઓ સાથે સંખ્યા માટે બિન તંદુરસ્ત હરીફાઈ થાય નહીં તેની તકેદારી રાખવાની રહેશે.

૬. સરકારશ્રીના તા.૧૭/૭/૯૩ ના પત્ર ક્રમાંક: બમશ/૧૦૯૩/૧૩૨૨/છ અને શિક્ષણ વિભાગના તા.૨૧/૭/૯૩ ના પત્ર ક્રમાંક:બમશ/૧૨૯૩/૧૩૨૨/છ માં તથા તા.૧/૭/૧૧ ની સરકારશ્રીના સ્વનિર્ભર શાળાઓની નીતીમાં જણાવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

Scanned with OKEN Scanner

૭. આ મંજૂરી મકાન બાંધકામ અને શાળાના રમત-ગમતના મેદાન અંગેની તમામ મંજૂરીઓ મેળવેલ હોવાની શરતે આપવામાં આવે છે. આથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આ અંગેની ખાતરી કરી લેવાની રહેશે. અગાઉ મેદાન દર્શાવેલ જગ્યામાં બાંધકામ કરવામાં આવે તો નિયમાનુસાર રાખવાના થતાં મેદાનનું માપ ઓછું થવું ન જોઈએ.

૮. ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટી/સંસ્થામાંથી પ્રમાણપત્રો/આધારો મેળવેલ હોય તો સ્ટાફના સભ્યોના પ્રમાણપત્રો/આધારોની ખરાઈ શાળા મંડળે જે તે યુનિવર્સિટી /સંસ્થામાં રૂબરૂ જઈ કરાવી લેવાની રહેશે.

૯. સંસ્થાએ/સંચાલક મંડળે ફાયર સેફ્ટી સહિતની સલામતી અંગેની તમામ વ્યવસ્થા કરવાની રહેશે.

૧૦. નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈંડિયામાં થયેલ સીવીલ પીટીશન નં.૪૮૩/૨૦૦૪ માં આપેલ ચૂકાદા મુજબ શાળાનું મકાન તમામ બાબતમાં સલામત હોવું જોઈશે અને નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઇંડીયાએ નક્કી કરેલ સલામતીનાં નોર્મ્સ મુજબનું હોવું જોઈશે. તેમજ શાળાનું મકાન આજુબાજુમાં આગ લાગે અથવા વિસ્ફોટ થાય તેવા યુનિટ/પદાર્થોથી સલામત હોવું જોઈશે.

૧૧. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ -૧૯૭૨ અને તે હેઠળ રચાયેલ વિનિયમો, નિયમો અને સુચનાઓનું પાલન શાળામંડળ નિયમાનુસાર કરે છે તેની ખાતરી કરાવવાની જવાબદારી શાળામંડળની રહેશે.

૧૨. સદર માંગણી કરેલ ક્રમિક વર્ગ / વધારાના વર્ગ જે માધ્યમના માંગેલ છે તે માધ્યમના તે ધોરણના અનુદાનિત વર્ગો માંગણી કરેલ સ્થળે ચાલતા હશે તો સદર સ્વનિર્ભરવર્ગોની મંજૂરી આપોઆપ રદ ગણાશે.

૧૩. કોઈ પણ સંસ્થા એક જ માધ્યમના એક જ ધોરણના ૬ કરતા વધુ વર્ગો કોઈ પણ સંજોગોમાં ચલાવી શકશે નહીં.

૧૪. આપની સંસ્થામાં નિમણૂક પામેલ શિક્ષકો સુપરવિઝન, પરીક્ષણ કાર્ય માટે હુકમ મળ્યેથી મુક્ત કરવાના રહેશે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં છુટા કરી શકાશે નહીં.

૧૫. નોન ગ્રાન્ટેડ શાળામાં, ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો, મુલાકાતી શિક્ષકો, ટ્યુશન ક્લાસીસન શિક્ષકોને શૈક્ષણિક કામગીરીમાં રોકી શકાશે નહીં.

૧૬. ડે સ્કુલ તરીકે શાળા ચલાવી શકાશે નહીં.

૧૭. શાળાના મંજુર થયેલ વર્ગોમાં ૬૦ ના રેશીયામાં વિદ્યાર્થીઓ હશે તો જ વર્ગ મંજુર થયેલ ગણાશે. ૬૦ કરતા વધુ વિદ્યાર્થીઓને કોઈ એક વર્ગમાં પ્રવેશ આપી શકાશે નહીં.

૧૮. આપની શાળાની નોંધણી કરતી વખતે બોર્ડ નક્કી કરેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

૧૯. CCTV કેમેરાની રેકોર્ડીંગ સાથેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈશે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તે બદલની ખાતરી આપવાની રહેશે.

**નોંધ અત્રેની કચેરીના તા.૨૪/૦૯/૨૦૧૮નો પત્ર રદ કરવામાં આવે છે.**

નવી શાળા અરજી નંબર : G[illegible]H/16/409

ક્રમિક વર્ગનો અરજી નંબર:- [illegible]SEB/NC/H/07/18/1456

(ડી.એસ.પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

નકલ રવાના:-

૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી SURAT તરફ જાણ તથા શાળાના વાર્ષિક નિરીક્ષણ વખતે શાળાએ ઉપર જણાવેલ એફિડેવિટ શરતોનું પાલન કર્યું છે કે કેમ તેની ખાતરી કરી બોર્ડને ઘટતો અહેવાલ મોકલવા સારૂં.

૨. આચાર્યશ્રી,
SBR SCIENCE SCHOOL
AT PO - DHAMDOD LUMBHA, T-BARDOLI, D-SURAT
SURAT-394355

3. પરીક્ષા સચિવશ્રી,ગુ.મા.અને ઉ.મા શિ.બોર્ડ વડોદરા/ગાંધીનગર.

૪. સિલેક્ટ ફાઈલ.

Scanned with OKEN Scanner

**ગ્રાન્ટ વિના**

ક્રમાંક:મઉમશબ/શા.નિ./NCA/જુન- 20/7424
ગુજરાત મા. અને ઉ.મા. શિ. બોર્ડ,
સે. ૧૦/બી,જુના સચિવાલય પાસે, ગાંધીનગર,
તા. 24-09-2020

પ્રતિ.
પ્રમુખ,
SHREE SATYAKEVALAM EDUCATIONAL AND CHARITABLE TRUST
21-SWARVILLA, SRUSHTI BUNGLOWS, SHASHTRI ROAD, BARDOLI
DHAMDOD LUMBHA - 394355
Ta: BARDOLI Dist: SURAT

**ઓનલાઈન અરજી ક્રમાંક : GSEB/NC/H/07/20/0894**

**વિષય:** જુન- 2020થી ધો 11 માં વર્ગ વધારાની મંજૂરી આપવા બાબત

**પ્રવાહ:** Science **માધ્યમ :** English

**શાળાનું નામ:** **SBR SCIENCE SCHOOL**
DHAMDOD LUMBHA,BARDOLI

**સંદર્ભ** ૧.આપની તા. 03/07/2020 ની ઓનલાઇન અરજી ક્રમાંક: GSEB/NC/H/07/20/0894
૨.બોર્ડનો તા.૨૩/૧૧/૨૦૧૦નો પત્ર ક્રમાંક: મઉમશબ/ગ/ટે.૧/ ૧૦૨૯૭/૩૨૩
૩.વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૪/૧૮૨/છ, સચિવાલય, ગાંધીનગર,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભ દર્શિત પત્ર-૧ની અરજી આપના ટ્રસ્ટ સંચાલિત **SBR SCIENCE SCHOOL** શાળામાં જુન- 2020થી ધો-11, પ્રવાહ-**Science**,માધ્યમ **English** નો વર્ગ વધારા તરીકે 1 વર્ગ આથી મંજુર કરવામાં આવે છે.

આપના દ્વારા કરવામાં આવેલ સંદર્ભ-૧ અરજીમાં દર્શાવેલ વિગતો અને માહિતીના આધારે ગુજરાત માધ્યમિક શિક્ષણવિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૧૦ (૧)ને ધ્યાનમાં રાખી ધો. 11 ના, પ્રવાહ- Scienceમાં વર્ગ વધારા તરીકે 1 વર્ગ મંજુર કરવામાં આવે છે. હવે વર્ગની સ્થિતિ નીચે મુજબ રહેશે

| ધોરણ | માધ્યમ | પ્રવાહ | હાલના વર્ગો | મંજૂર વર્ગો | કુલ વર્ગો |
|---|---|---|---|---|---|
| 11 | English | Science | 1 | 1 | 2 |

ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતો નોંધણીપત્રની વિગતો અને એફિડેવીટમાં દર્શાવેલ વિગતોની માહિતી સાચી છે. તેમ માની વર્ગવધારો મંજૂર કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ વિગતો અથવા આધારો ખોટા છે તેમ સાબિત થશે તો તે અંગેની તમામ જવાબદારી શાળામંડળની રહેશે અને તેના માટે શાળા સામે નોંધણી રદ સહિતના પગલા લેવામાં આવશે જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

આ સાથે નીચેની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**શરતો:-**

(૧) શાળાના મકાનમાં નિયમ પ્રમાણે ક્ષેત્રફળવાળા તથા પૂરતા હવા ઉજાસવાળા વર્ગખંડની તેમજ આરોગ્ય વિષયક સગવડોની પૂરતી જોગવાઈ હોવી જોઇએ.

(૨) આ વર્ગ વધારાને લીધે વિષયોની જરૂરિયાત પ્રમાણેના નિયમાનુસાર વિનિયમ-૨૦ માં સુચવેલ લાયકાતવાળા શિક્ષકોની નિમણૂંક સત્વરે કરવાની રહેશે. પત્ર મળ્યેથી દિન-૬૦ માં કરી દેવાની રહેશે.

(૩) વર્ગ વધારા/ક્રમિક વર્ગ અન્વયે પ્રયોગશાળા ખંડ, વિજ્ઞાનના સાધનો અન્ય શૈક્ષણિક સાધનો તથા ફર્નિચર પૂરતા પ્રમાણમાં વસાવવાના રહેશે.

(૪) શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે નિયત અભ્યાસક્રમ પ્રમાણે પૂરક વાચનના જરુરી અને ઉપયોગી પુસ્તકોની ખરીદી કરી શાળાનું ગ્રંથાલય સમૃદ્ધ બનાવવાનું રહેશે.

(૫) સ્થાનિક અથવા આજુબાજુની માધ્યમિક શાળાઓ સાથે સંખ્યા માટે બિન તંદુરસ્ત હરીફાઈ થાય નહીં તેની તકેદારી રાખવાની રહેશે.

(૬) સરકારશ્રીના તા.૧૭/૭/૯૩ ના પત્ર ક્રમાંક: બમશ/૧૦૯૩/૧૩૨૨/છ અને શિક્ષણ વિભાગના તા.૨૧/૭/૯૩ ના પત્ર ક્રમાંક:બમશ/૧૨૯૩/૧૩૨૨/છ માં તથા તા.૧/૭/૧૧ ની સરકારશ્રીના સ્વનિર્ભર શાળાઓની નીતીમાં જણાવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.



Scanned with OKEN Scanner

(૭) આ મંજૂરી મકાન બાંધકામ અને શાળાના રમત-ગમતના મેદાન અંગેની તમામ મંજુરીઓ મેળવેલ હોવાની શરતે આપવામાં આવે છે. આથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આ અંગેની ખાતરી કરી લેવાની રહેશે. અગાઉ મેદાન દર્શાવેલ જગ્યામાં બાંધકામ કરવામાં આવે તો નિયમાનુસાર રાખવાના થતાં મેદાનનું માપ ઓછું થવું ન જોઈએ.

(૮) ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટી/સંસ્થામાંથી પ્રમાણપત્રો/આધારો મેળવેલ હોય તો સ્ટાફના સભ્યોના પ્રમાણપત્રો/આધારોની ખરાઈ શાળા મંડળે જે તે યુનિવર્સિટી /સંસ્થામાં રૂબરૂ જઈ કરાવી લેવાની રહેશે.

(૯) સંસ્થાએ/સંચાલક મંડળે ફાયર સેફ્ટી સહિતની સલામતી અંગેની તમામ વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈંડિયામાં થયેલ સીવીલ પીટીશન નં.૪૮૩/૨૦૦૪ માં આપેલ ચૂકાદા મુજબ શાળાનું મકાન તમામ બાબતમાં સલામત હોવું જોઈશે અને નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઈંડીયાએ નક્કી કરેલ સલામતીનાં નોર્મ્સ મુજબનું હોવું જોઈશે. તેમજ શાળાનું મકાન આજુબાજુમાં આગ લાગે અથવા વિસ્ફોટ થાય તેવા યુનિટ/પદાર્થોથી સલામત હોવું જોઈશે.

(૧૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ -૧૯૭૨ અને તે હેઠળ રચાયેલ વિનિયમો, નિયમો અને સુચનાઓનું પાલન શાળામંડળ નિયમાનુસાર કરે છે તેની ખાતરી કરાવવાની જવાબદારી શાળામંડળની રહેશે.

(૧૨) સદર માંગણી કરેલ ક્રમિક વર્ગ / વધારાના વર્ગ જે માધ્યમના માંગેલ છે તે માધ્યમના તે ધોરણના અનુદાનિત વર્ગો માંગણી કરેલ સ્થળે ચાલતા હશે તો સદર સ્વનિર્ભરવર્ગોની મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૩) કોઈ પણ સંસ્થા એક જ માધ્યમના એક જ ધોરણના ૬ કરતા વધુ વર્ગો કોઈ પણ સંજોગોમાં ચલાવી શકશે નહીં.

(૧૪) આપની સંસ્થામાં નિમણૂક પામેલ શિક્ષકો સુપરવિઝન, પરીક્ષણ કાર્ય માટે હુકમ મળ્યેથી મુક્ત કરવાના રહેશે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં છુટા કરી શકાશે નહીં.

(૧૫) નોન ગ્રાન્ટેડ શાળામાં, ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો, મુલાકાતી શિક્ષકો, ટ્યુશન ક્લાસીસન શિક્ષકોને શૈક્ષણિક કામગીરીમાં રોકી શકાશે નહીં.

(૧૬) ડે સ્કુલ તરીકે શાળા ચલાવી શકાશે નહીં.

(૧૭) શાળાના મંજુર થયેલ વર્ગોમાં ૬૦ ના રેશીયામાં વિદ્યાર્થીઓ હશે તો જ વર્ગ મંજુર થયેલ ગણાશે. ૬૦ કરતા વધુ વિદ્યાર્થીઓને કોઈ એક વર્ગમાં પ્રવેશ આપી શકાશે નહીં.

(૧૮) આપની શાળાની નોંધણી કરતી વખતે બોર્ડ નક્કી કરેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧૯) CCTV કેમેરાની રેકોર્ડીંગ સાથેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈશે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તે બદલની ખાતરી આપવાની રહેશે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>વર્ગ વધારાનો અરજી નંબર:</u> [illegible]/07/20/0894

**નકલ રવાના:**

૧.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી **SURAT** તરફ જાણ તથા શાળાના વાર્ષિક નિરીક્ષણ વખતે શાળાએ ઉપર જણાવેલ એફીડેવીટની શરતોનું પાલન કર્યું છે કે કેમ તેની ખાતરી કરી બોર્ડને ઘટતો અહેવાલ મોકલવા સારુ.

૨.આચાર્યશ્રી,

SBR SCIENCE SCHOOL
DHAMDOD LUMBHA,BARDOLI SURAT - 394355

3.પરીક્ષા સચિવશ્રી,ગુ.મા.અને ઉ.મા શિ.બોર્ડ વડોદરા/ગાંધીનગર

૪.સિલેક્ટ ફાઇલ



Scanned with OKEN Scanner